# કોરોના તથા ડાયાબિટીસના દર્દીને જડબામાં થતો રોગ - મ્યુકરમાયકોસીસ



''કોરોના થયેલા એટલે કે કોવીડ - ૧૯ પોઝિટિવ દર્દી ઓ ને તથા વધુ પડતા ડાયાબિટીસ ના કારણે દાત તથા જડબા  નો નવો રોગ એટલે કે મ્યુકરમાયકોસીસ થઈ રહ્યો છે .

''કોરોના ના દર્દી ઓ ની સારવાર દરમ્યાન આપવામાં આવતા સ્ટીરોઈડ ઈન્જેકશન કે ગોળી ને લીધે દર્દી ના લોહી માં ગ્લુકોઝ વધી જવા થી તથા રોગ પ્રતિકારક શક્તિ ઘટી જવા થી દાત અને જડબા માં રસી થાય છે જે આગળ વધતા જડબા, નાક તથા સાયનસમાં ફેલાઈ છે અને અંતે મ્યુકર નામ ની ફૂગ વિકાસ થાય છે અને મગજ કે આંખ સુધી ફેલાઈ  શકે છે.

**મ્યુકરમાયકોસીસ ના લક્ષણો :-**

સૌ પ્રથમ ઉપર ના દાત માં દુખાવો થવો અને રસી ભરેલી ફોલ્લી થવી, દાત હલવા અને પેઢા માં થી રસી નીકળવું, નાક ની બાજુ ના ભાગ માં (સાયનસ) માં દુખાવા સાથે સોજો આવવો, માથા નો દુઃખાવો.

**મ્યુકરમાયકોસીસ થવા ના કારણો :-**

કોરોના / કોવીડ - ૧૯ વાયરસ નું ઈન્ફેકશન, વધુ પડતું ડાયાબિટીસ રહેવું, કોરોના ની સારવાર દરમ્યાન અપાતા વધુ પડતા સ્ટીરોઈડ નો ઉપયોગ, રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોવી.

રાજકોટ શહેર ના જાણીતા દાંત, મ્હોં, જડબા તથા ચહેરા ની સર્જરી ના નિષ્ણાંત સર્જન ડૉ.કૌશિક પેથાણી પાસેથી મ્યુકરમાયકોસીસ ની માહિતી મેળવીએ. છેલ્લા છ મહિનામાં ઘણા બધા દર્દીઓમાં મ્યુકરમાયકોસીસ ગ્રસ્ત જડબાની સચોટ નિદાન કરી સફળતાપૂર્વક સર્જરી કરેલ છે. જેમાં ૩૦ વર્ષની ઉંમરથી લઈને ૭૫ વર્ષની ઉંમર સુધીના દર્દીઓની સારવાર કરેલ છે.

મ્યુકરમાયકોસીસના નિદાન માટે ડૉ.કૌશિક પેથાણી દર્દીને સિટીસ્કેન, લોહીના રિપોર્ટ , બાયોપ્સી તથા ફંગલ કલ્ચર જેવા રિપોર્ટ કરાવવામાં  આવે છે. ઘણા ખરા દર્દીઓમાં ડાયાબિટીસ ન હોવા છતાં માત્ર કોરોના ને લીધે પણ આ રોગથી પીડાય છે.

આ ઓપરેશન મ્યુકરમાયકોસીસ ના ઈન્ટરનેશનલ પ્રોટોકોલ પ્રમાણે જ કરવામાં આવે છે.

જેમાં જડબા નો તમામ સડેલો ભાગ કાઢી નાખવામાં આવે છે. સડેલું હાડકું રહી જવાથી ઓપરેશન નિષ્ફળ થવાની તથા મ્યુકર પાછું થવાની પૂરેપૂરી શક્યતા રહે છે.

જો આ રોગ સાયનસમાં પણ ફેલાયેલો હોય તો એ પણ એજ ઓપરેશન માં કાન, નાક, ગળા ના સર્જન ની મદદ થી કાઢી ને સાફ કરવામાં આવે છે. જેથી દર્દી ને એક જ એનેથેશીયામાં બંને ઓપરેશન પૂર્ણ થઈ જાય છે. એટલે કે એક જ ઓપરેશન માં સંપૂર્ણ સર્જીકલ સારવાર થઈ જાય છે અને બધી જ મ્યુકર કાઢી નાખવામાં આવે છે.

ઓપરેશન વખતે તાળવું એર - ટાઈટ બંધ કરવું સૌથી અગત્ય નું હોય છે, જો એમ ન કરવામાં આવે તો પીવાનું પાણી તથા ખોરાક નાક વાટે બહાર નીકળી જાય છે અને ફરીથી ઈન્ફેકશન થવાની શક્યતા રહે છે

મોટા ભાગ ના દર્દીઓ ને બીજા દિવસે દવા સાથે રજા આપી દેવામાં આવે છે.

ઓપરેશન પછી થી આ દર્દીઓ ને એન્ટી ફંગલ ઈન્જેકશન ના ડોઝ આપવાના હોય છે.

ઓપરેશન પછી ફંગલ કલચર કે બાયોપ્સી ના રિપોર્ટ માં મ્યુકર નો રિપોર્ટ પોઝિટિવ આવે તો એન્ટી ફંગલ તરીકે લાઈપો - ઝોમલ એમ્ફોટેરેસીન - બી ના ઈન્જેકશન આપવામાં આવે છે.

આ એન્ટી ફંગલ થેરાપીનો કોર્સ ૨૦ થી ૫૦ દિવસ સુધીનો હોય શકે છે.

આ ઈન્જેકશન અમારે ત્યાં થી ઓરાકેન હેલ્થકેર દ્વારા રાહત દરે દર્દી ઓ ને આપીએ છીએ.

અમારા લગભગ બધા જ દર્દી ઓ જડબા ની સર્જરી અને એન્ટી ફંગલ થેરાપી દ્વારા સંપૂર્ણ પણે રીકવર થયેલ છે.

સમયસર સચોટ નીદાન તથા યોગ્ય સારવાર મળી જાય તો આ રોગ થી થતા ભયાનક કોમ્પ્લિકેશન , ખર્ચ તથા ખોડખાંપણ અટકાવી શકાય છે.

ધ ફેસિયલ સર્જરી હોસ્પીટલ, ત્રીજો માળ, હીરા કોમ્પ્લેક્ષ, વિદ્યાનગર મેઈન રોડ, ૫-મનહર પ્લોટ, રાજકોટ. ફોન : ૦૨૮૧-૨૪૬૩૪૦૫







